| | | | |
|---|---|---|---|
| દાવો દાખલ તારીખ | ૨૮ | ૧૦ | ૨૦૨૦ |
| દાવો નિકાલ તારીખ | ૦૧ | ૦૫ | ૨૦૨૬ |
| સમય–અવધિ | વર્ષ | માસ | દીવસ |
| | ૦૫ | ૦૬ | ૦૩ |

---

**અંકલેશ્વરના મહે. ત્રીજા અધિક સીનીયર સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, અંકલેશ્વર.**

---

**રે.દી.મુ.નંબર : ૧૮૩/૨૦૨૦**

**આંક :–**

(૧) **રસીદાખાતૂન તે મુસાખાન હુશેનખાનની વિધવા** (ડીલીટ)
ઉ.આ.વ. ૮૨, ધંધો – ઘરકામ
રહે. મુ.પો. વાંકલ, તા.માંગરોલ, સુરત
**( આંક–૧૫ લગત હુકમ મુજબ)**

(૧) **અબ્દુલ અજીઝ મુસાખાન હુશેન**
ઉ.આ.વ. ૬૨, ધંધો – ખેતી તથા વેપાર
રહે. પારડી, તા.નવસારી, જી.વલસાડ

(૨) **ફાતમા મુસાખાન હુશેન**
ઉ.આ.વ. મેજર, ધંધો – ઘરકામ
રહે. પારડી, જી.વલસાડ,

(૩) **સિરાજ મુસાખાન હુશેન**
ઉ.આ.વ. ૪૭, ધંધો – ખેતી તથા વેપાર
રહે. મુ.પો. વાંકલ, તા.માંગરોલ સુરત

(૪) **મહેમુદ મુસાખાન હુશેન**
ઉ.આ.વ. ૪૫, ધંધો – ખેતી
રહે. કઠોર તા.કામરેજ, જી.સુરત

(૫) **રસીદ મુસાખાન**
ઉ.આ.વ.૬૫,
રહે. મુ.પો. વાંકલ, તા.માંગરોલ સુરત

(૬) **રેહાના મુસાખાન હુશેન**
ઉ.આ.વ. ૪૫, ધંધો – ઘરકામ
રહે. ગ્રીન પાર્ક સોસા, ઈદગાહ રોડ, કઠોર
તા.કામરેજ, જી.સુરત ……**.વાદી**

:: વિરૂધ્ધ ::

(૧) **ઈકબાલ યુસુફ ભવન (ભૈયાત)**
ઉ.આ.વ. , ધંધો : ખેતી

(૨) **સુલેમાન યુસુફ ભવન (ભૈયાત)**
ઉ.આ.વ. , ધંધો : ખેતી
બંને રહે. મુ.પો. ભાદી, વાયા મરોલી,
તા.અંકલેશ્વર, જી.ભરૂચ ....**પ્રતિવાદી**

**દાવો** :– સ્પેસીફીક રીલીફ એટક સેકશન–૩૪ તથા સી.પી.સી.ઓ. ૩૯ મુજબ જાહેરાત તથા જાથુના મનાઈ હુકમ માટેનો .

.......................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.આર. ખાન / એ.આર. કાયસ્થ
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : એ.એ. શેખ

.......................................................................................

:: જજમેન્ટ ::

**૧.** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે , ડીસ્ટ્રીકટ ભરૂચના સબ ડીસ્ટ્રીક તથા તાલુકે અંકલેશ્વરના ગામ મોજે ભાદીના સર્વે નં.૩૦૮, ખાતા નં. ૨૭૫, સુમારે ૦–૬૮– ૮૦ ચો.મી.ની જમીન વાદીઓ તથા અબ્દુલ રહેમાન મુસાખાન તથા યુસુફ ખાન મુસાખાન હુશેનની સંયુકત માલીકી કબજા ભોગવટા વહીવટની વડીલોપાર્જીત ખેતીની જમીન આવેલી છે. મહંમદખાન કાદરખાન વાદીના દાવાના ભાઈ છે જે મૃત્યુ પામેલાછે અને અપરણિત હોવાથી તે જમીનની આડી લીટીના વારસ તરીકે વાદીઓ દાવાવાળી મિલકતના માલીક કબજેદાર તથા ધણિમુખત્યાર થયેલા છે. આ જમીન મુસાખાન હુશેનખાન તથા મહંમદખાન હુશેનખાનના સંયુકત માલીકી કબજા ભોગવટા વહીવટમાં ચાલી આવેલી અને તેમના મરણ બાદ તેમના કાયદેસરના વારસો તરીકે વાદીઓ ચાલી આવેલા છે. વાદીઓની જમીનને લાગુ મહંમદ હુશેન ભયાત નામના ઈસમની જમીન આવેલી જેમની સાથે વાદીના દાદા મુસાખાનનો પૈસા આપ લે નો સબંધ

પણ ચાલી આવેલો. જેનો ગેરલાભ લઈ મહંમદ હુશેન ભચાતે આપેલા રૂ.૬૮૦–૦૦ ને જમીનમાં બોજા તરીકે ૭–૧૨ ના ઉતારામાં મુસાખાનની જાણ બહાર દાખલ કરાવેલો જેની જાણ થતા દાવાવાળી જમીન વાદી તરફે બોજા મુકત થયેલી પરંતુ તેમના મરણબાદ પ્રતિવાદીઓએ  દાવાવાળી જમીનનો કબજો કરવાનો પ્રયાસ કરેલો જેની તરત જ તા. ૨૮/૯/ ૨૦૨૦ ના રોજ લેખીત ફરીયાદ અંકલેશ્વરના રૂરલ પોલીસ સ્ટેશનમા કરેલી જેથી પ્રતિવાદીઓ ગભરાઈ ગયેલ અને ચાલી ગયેલ પરંતુ ત્યારપછી અવારનવાર જમીનનો કબજો કરવાના સતત પ્રયાસ કરતા અને કબજો કરી લેવાની ધમકી આપતા આવેલા. તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ બપોરે એક વાગેના સુમારે હાથમાં બોર્ડ લઈ આવેલા અને વાદીની જમીનમા લગાવેલ બોર્ડ ઉખાડી ફેકી દિધેલ વાદીને ખબર પડતા જમીન બાબત વાદી તેમની જમીન પર ગયેલા ત્યારે પ્રતિવાદીઓ વાદીની જમીનમાં એક બોર્ડ લગાવવાની કોશીશ કરતા હતા પંરતુ વાદીને જોઈ ભાગી ગયેલા. પ્રતિવાદીઓ દવારા વાદીઓને આજદિન સુધી કોઈ નોટીસ આપી નથી કે કોઈ જાણ કરી નથી કે કોઈ દાવો દાખલ કરેલ નથી, પ્રતિવાદીઓનો આ જમીનમાં કોઈ હકક હતો નહી અને છે નહી, ફકત જબરદસ્તીથી કાયદો હાથમા લઈ આર્બીટ્રરી રીતે અસામાજીક તત્વોના મેલાપીપણામાં જબરજસ્તીથી ગેરકાયદેસર જમીનનો કબજો કરી લેવા માંગે છે. પ્રતિવાદીઓનુ મોટુ જુથ છે અને પાોલીટીકલપાર્ટીનો પણ સાથ છે. પ્રતિવાદીઓ જમીનનો ગેરકાયદેસર કબજો કરી લે તો વાદીને પૈસાથી બદલો ન મળે તેવુ ગંભીર નુકશાન થાય તેમ છે અને વાદીને તેના કાયદેસરના હકક માથી હર હંમેશ માટે હાથ ધોઈ નાખવા પડે તેમ છે અને બિનજરુરી અનેક સીવીલ લીટીગેશનોમા ઘસડાવુ પડે તેમ છે. પ્રતિવાદીઓ જમીનનો કબજો લેવા સક્રીય થયેલા છે અને તેવી પુરેપુરી શકયતા છે. વાદીનો સ્ટ્રોંગ પ્રાયમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમા છે જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ન આવે તો વાદીને દાવાદુવીમા સંડોવુ પડે તેમ છે અને તેનાથી મલ્ટીસીટી ઓફ પ્રોસીડીંગ્સ પણ થાય તેમ છે અને વાદીને પૈસાથી બદલો ન મળે તેવુ ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જો મનાઈ હુકમ આપવામા આવે તો પ્રતિવાદીઓને કોઈજ નુકશાન થાય તેમ

નથી. સદર તમામ હકીકત જણાવી વાદીએ ડીસ્ટ્રીકટ ભરૂચના સબ ડિસ્ટ્રી. તથા તાલુકા અંકલેશ્વર ના ગામ મોજે ભાદી ના સર્વે નં.૩૦૮, ખાતા નં.૨૭૫, સુમારે ૦–૬૮–૮૦ ચો.મી.ની જમીન તેના વાદી એકલા માલીક મુખ્તીયાર, કબ્જેદાર છે તવુ જાહેર કરવા તેમજ, દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ હસ્તે પરહસ્તે પ્રવેશ કરે કરાવે નહી તથા વાદીના કાયદેસરના માલીકી કબજા ભોગવટા વહીવટમાં ન્યુનતા આવે તેવુ કોઈ પણ કૃત્ય કરે કરાવે નહી તથા કાયદેસરની કાર્યવાહી કર્યા વિના વાદી પાસે જમીનનો કબજો લે લેવડાવે નહી તેવો જાથુકનો મનાઈ હુકમ વાદીને પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા તેમજ, આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા તેમજ, આ દાવાની એકંદર હકીકત જોતા નામદાર કોર્ટને યોગ્ય લાગે તે કે વધુ મુનાસબદાદ અપાવવા વાદીએ દાદ માંગેલ છે.

૨. પ્રતિવાદીઓને દાવાના સમન્સ ધોરણસર બજી જતા પ્રતિવાદીઓએ હાજર થઈ પ્રતિવાદીઓએ આંક–૧૭ થી દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીઓનો દાવો તદન ખોટો છે, દાવા અરજી તથા આંક–૫ મા દર્શાવેલ તમામ હકીકતો પણ તદન ખોટી, અયોગ્ય, ગેરવાજબી વાહિયાત અને ઉપજાવી કાઢેલી હોય તથા નામદાર કોર્ટના પ્રોસેસનો મિસયુઝ કરી ખોટો દાવો દાખલ કરેલ હોય પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી. વાદીઓએ દાવાવાળી તકરારી મિલકતના રેકર્ડમાં કહેવાતા રેવન્યુ કર્મચારીના મેળાપીપણામાં રેકર્ડ સાથે ચેડા કરી ખોટી ફેરફાર નોંધો પડાવી સદર તદન ખોટો દાવો પ્રતિવાદીઓ સાથે ફ્રોડ અને છેતરપીંડી કરી બાગ્રનીગ કરવાના બદઈરાદે નામદાર કોર્ટમા દાખલ કરેલ છે. વાદીઓનો દાવો તથા આંક–૫ માં કરેલ કથનો મનસ્વી રીતે ઉપજાવી કાઢેલ છે તેમજ દાવાવાળી જમીનમા વાદીનો કોઈ માલીકી હકક–હિસ્સો અધિકાર આવેલ નથી જેથી વાદીઓને દાવો કરવનો કોઈ હકક અધિકાર કે કારણ ઉભુ થયેલ નથી. વાદીઓએ દાવા અરજી તથા આંક–૫ ખોટી હકીકતો દાવાવાળી જમીનના રેકર્ડ વિરુધ્ધ ઉપજાવી કાઢી ખોટી હીકતો ઘડી કાઢી દાવો કરેલ છે એટલે કે સાચી હકીકત છુપાવેલ છે.

વાદીઓએ સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટ કરેલ હોય વાદીઓ સમન્યાયની દાદ મેળવવા હકકદાર નથી. સદર દાવો ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ રદબાતલ થવા પાત્ર છે. વાદીઓને હાલના દાવામાં જરુરી પક્ષકારો નહિ જોડવાનો બાધ નડે છે. વાદીઓએ પુરાવા લીસ્ટથી રજુ કરેલ દાવાવાળી મિલકતના રેકર્ડ વંચાણે લેતા ખોટી રીતે વારસાઈ કરાવેલ છે તેમા અબ્દુલ રહેમાન મુસાખાન તથા યુસુફખાન મુસાખાનના નામ દર્શાવેલ છે તેને પક્ષકાર તરીકે જોડેલ નથી. વાદીના દાવાને ડીલે અને લેચીઝ તથા સમય મર્યાદાના કાયદાની જોગવાઈઓ મુજબ સમયનો સ્પષ્ટ બાધ નડતો હોય વાદીઓની દાવા અરજી પ્રથમ દ્રષ્ટીએ રદ થવા પાત્ર છે. સદર જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની વાદીઓની દાવા અરજી તથા આંક-૫ ની હકીકતોનો ઈન્કાર કરે છે તેમ જણાવી વાદીની દાવા અરજીનો પેરા વાઈઝ ઈન્કાર કરી ખરી હકીકતે જણાવે છે કે, મોજે ગામ ભાદી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ મુકામે ખાતા નં.૧૭૫, સરવે નં.૩૯૯ (જુનો), ૩૦૮ (નવો), ક્ષેત્રફળ ૦-૬૮- ૦૦ વાળી જુની શરતની ખેતીની જમીન પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા-ભોગવટાની ચાલતી આવેલ છે. સદર દાવાવાળી જમીન પ્રતિવાદીઓના દાદ મહમદ હુશૈન ભૈયાત, રહે. ભાદી તા.અંકલેશ્વર નાઓએ કાયદેસર અવેજ ચુકતે આપી સને ૧૯૫૫ થી રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને સદર જમીન ખરીદ કર્યા પછી મહમદ હુશૈન ભૈયાત ગુજરી જતા પ્રતિવાદીઓ વારસાઈ રુહે માલીક મુખત્યાર કબજેદાર થયેલા છે અને ઉપર જણાવ્યા મુજબ સદર જમીન ખરીદ કર્યા પછી આજદિન સુધી પ્રતિવાદીઓના સુયુકત માલીકી-કબજા-ભોગવટા - ખેડ હકકમાં આવેલ છે અને છેલ્લા ૬૫ વર્ષથી સતત એકધારી કોઈપણ જાતની અટકાયત - રુકાવટ વગર સદર જમીન પ્રતિવાદીઓ ખેડતા આવેલા છે અને વર્ષો-વર્ષે ખેતીના પાકો લેતા આવેલ છે. દાવાવાળી જમીનમા વાદીઓનો કોઈપણ માલીકી હક હતો નહી કે વાદીઓના વડવા મુસાખાન હુશૈનખાનનો પણ સદર જમીનમાં કોઈપણ માલીકી હકક-હિત અધિકાર હતો નહિ. તેમ છતા ખોટી વારસાઈના દસ્તાવેજો બનાવી તે આધારે કાર્યવાહી કરી અને ખોટા માલીકી હકકો બાબતે પોલીસમા તદન ખોટી રજુઆત કરી પોલીસના મેળાપીપણામાં દાવાવાળી જમીનનો કબજો

પ્રતિવાદીઓ પાસે પડાવી લેવાનો પ્રયત્ન કરેલ અને પોલીસે પ્રતિવાદીઓને પોલીસ સ્ટેશનમા બોલાવતા પ્રતિવાદીઓએ પોલીસને સાચી હકીકત જણાવેલ. તથા સદર મિલકત પ્રતિવાદીઓના દાદાએ કાયદેસર વેચાણથી ખરીદ કરેલ છે તથા વેચાણ દસ્તાવેજની નકલ પોલીસ રુબરુ રજુ કરેલ તથા તેમના વકીલ મારફતે વાદીઓએ કરેલ પોલીસ ફરીયાદ વિરુધ્ધ કાયદેસર નોટીસ વાદીઓને પાઠવેલ અને તેની નકલ પોલીસને પણ રજી.એ.ડી.થી મોકલેલ જેથી પોલીસ તેમની કહેવાતી ખોટી ફરીયાદ વિરુધ્ધ કાર્યવાહી કરવાનુ વાદીએ ઈન્કાર કરેલ. તેનાથી હતાશ થઈ ફરીથી નામદાર કોર્ટમાં ખોટા દસ્તાવેજોનો લાભ લેવા ખોટો દાવો કરી નામદાર કોર્ટના પ્રોસેસનો મિસયુઝ કરેલ છે. વાદીઓને સદર જમીનમાં કોઈ માલીકી હકકો અધિકાર નથી.

૩. આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: વાદીનો મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદની વિગત |
|---|---|---|
| ૦૧ | ૨૪ | વાદી સિરાજ મુસાખાન હુશેનનું સરતપાસનું સોગંદનામું |
| ૦૨ | ૩૮ | સાહેદ સેદાત હારૂન ઈસ્માઈલનું સરતપાસનું સોગંદનામું |

**:: વાદીનો દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજોનું વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૨૫ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, બ્લોક / સરવે નં બર ૩૦૮, જુનો બ્લોક /સરવે નંબર ૩૯૯ ગામ નમુનો નંબર ૭ |
| ૦૨ | ૨૬ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ખાતા નં.૨૭૫ ગામ નમુનો નં.૮–અ (જમીનની ખાતાવહી) |
| ૦૩ | ૨૭ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, બ્લોક / સરવે નં બર ૩૦૮, જુનો બ્લોક /સરવે નંબર ૩૯૯ ગામ નમુનો નંબર ૧૨ |
| ૦૪ | ૨૮ | ખેતરની હદ માટે માપણી કરવાની અરજી |

| | | |
|---|---|---|
| ૦૫ | ૨૯ | હદ માપણી અંગેનુ સંમતિ પત્રક |
| ૦૬ | ૩૦ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ગામ નમુનો નં .૬– હકપત્રક, નોંધ નં.૨૯૧૨ |
| ૦૭ | ૩૧ | આર.ટી.એસ. અપીલ નં. ૨૭૮/૨૧ નો પ્રાંત સાહેબનો ઓર્ડર |
| ૦૮ | ૩૨ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, બ્લોક / સરવે નંબર ૩૦૮, જુનો બ્લોક /સરવે નંબર ૩૯૯, ગામ નમુના નં. ૭–૧૨ |
| ૦૯ | ૩૩ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ખાતા નં.૨૭૫ ગામ નમુના નં.૮–અ (જમીનની ખાતાવહી) |
| ૧૦ | ૩૪ | મોજે : ભાદી, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ગામ નમુના નંબર ૬ હકકપત્રક, નોંધ નં.૩૭૪૩ |

આ કામના વાદી તરફે સદર દાવાના કામે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા નથી તે સંબંધી આંક– ૩૮ થી પુરાવા બંધ પૂરસીસ રજુ કરવામાં આવેલ છે.

**૪.** આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

### :: પ્રતિવાદીનો મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદની વિગત |
|---|---|---|
| ૦૧ | ૪૧ | પ્રતિવાદી નં.૧ ઈકબાલ યુસુફ ભૈયાતનું સરતપાસનું સોગંદનામું |
| ૦૨ | ૬૫ | સાહેદ યુસુફખાન મુસાખાન હુશેનનું સરતપાસનું સોગંદનામું |

### :: પ્રતિવાદીનો દસ્તાવેજી પુરાવો પુરાવો ::

| ક્રમ | આંક | દસ્તાવેજોનું વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૪૩ | મોજે ભાદી, તા.અંકલેશ્વર, સ.નં.૧૬૮,સને ૧૯૫૧ |

| | | |
|---|---|---|
| | | –પર થી ૧૯૬૦–૬૧ સુધીના ગામ નં. ૭,૭–અ અને ૧૨ ની નકલ |
| ૦૨ | ૪૪ | મોજે ભાદી, તા.અંકલેશ્વર, સ.નં.૧૬૮,સને ૧૯૬૧ –૬૨ થી ૧૯૬૧–૬૨ સુધીના ગામ નં. ૭,૭–અ અને ૧૨ ની નકલ |
| ૦૩ | ૪૫ | મોજે ભાદી, તા.અંકલેશ્વર, સ.નં. ૩૯૯, સને ૧૯૬૯–૭૦ થી ૧૯૭૮–૭૯ સુધીના ગામ નં. ૭ અને ૧૨ ની નકલ |
| ૦૪ | ૪૬ | મોજે ભાદી, તા.અંકલેશ્વર, સ.નં.૩૯૯, સને ૧૯૭૯ –૮૦ થી ૧૯૮૫–૮૬ સુધીના ગામ નં. ૭ અને ૧૨ ની નકલ |
| ૦૫ | ૪૭ | મોજે ભાદી, તા.અંકલેશ્વર, સ.નં.૩૯૯,સને ૧૯૮૬ –૮૭ થી ૧૯૯૫–૯૬ સુધીના ગામ નં. ૭ અને ૧૨ ની નકલ |
| ૦૬ | ૪૮ | મોજે ભાદી, તા.અંકલેશ્વર, સ.નં. ૩૯૯, સને ૧૯૯૬ –૯૭ થી ૨૦૦૪–૦૫ સુધીના ગામ નં. ૭ અને ૧૨ ની નકલ |
| ૦૭ | ૪૯ | પ્રતિવાદીઓએ વાદીને આપેલ નોટીસની ઓફીસ કોપી |
| ૦૮ | ૫૦ | યુસુફખાન મુસાખાન હુશેનની એફીડેવીટ |
| ૦૯ | ૫૧ થી ૫૯ | જમીન મહેસુલ વેરા તથા શિક્ષણકરની પાવતીઓ |
| ૧૦ | ૬૦ | મામલતદારશ્રી અંકલેશ્વરને કરેલ ખેડ હકક નોંધવા બાબતની અરજી |
| ૧૧ | ૬૧ | ૧૩૫–ડી ની નોટીસ |
| ૧૨ | ૭૪ | રજી. વેચાણ દસ્તાવેજ નં.૪૨૪/૧૯૫૫ |
| ૧૩ | ૭૫ | ઈન્ડેક્ષ–ર |

આ કામના પ્રતિવાદીઓ તરફે સદર દાવાના કામે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ નથી.

**૫.** હાલના દાવાના ન્યાય નિર્ણય કરવા સારૂ મારા પૂરોગામી વિ. ન્યાયાધીશશ્રીએ આંક – ૨૧ થી નીચે મુજબના મુદૃા મુકરરર કરેલા છે.

-: ISSUES :-

1. Whether plaintiff prove that, they are owner and occupant of the suit properly ?

2. Whether the suit is within limitation ?

3. Whether the suit is maintainable ?

4. What order and decree ?

**૬.** ઉપરોકત મુદૃાઓના મારા ર્નિણય નીચે મુજબ છે.

૧. નકારમા.

૨. નકારમા.

૩. નકારમા.

૪. આખરી હુકમ મુજબ.

**૭.** વાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામા આવેલ છે તેમજ વાદી તરફે આંક–૬૬ થી લેખીત દલીલો તેમજ આંક–૭૯, ૮૧ થી વાદી તરફે વધુ લેખીત દલીલો રજુ થયેલ છે. જે હાલના દાવાના આખરી નિર્ણયના કારણો ધ્યાને લઈ ચર્ચામા એકી સાથે વણી લીધેલ છે જેથી અહી તેની અલગથી ચર્ચા કરવી ઉચિત જણાતી નથી. તેમજ પોતાની દલીલોના સમર્થનમા નામ. સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે જેને માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

- 1994 (0) AIJEL-SC 23771, Ramti Devi Vs Union of India
- 2023 (0) AIJEL-DL 1391516, Sarita Dua Vs. Gautam Dev Sood & Ors.
- 2008 (0) GLHEL-SC 41058, Anathula Sudhakar Vs. P. Buchi Reddy (Dead) By Lrs.
- 1990 (0) AIJ-MH 117438, Arun Industries Vs State of Maharashtra

- AIR 1993 Madhyapradesh 5, Mohinuddin and another Vs. President, Municipal Committee, Khargon
- 1987 (0) AIJ-RJ 1809376, Shamsher Vs. Rustam
- 1989 (2) G.L.H. 603, Himatbhai Prabhubhai Kantharia Vs. Ahmedabad City Civil Staff Welfare Association
- AIR 1999 Supreme Court 1125, AshwinKumar K. Patel Vs. Upendra J. Patel and others
- AIR 1992 Madhyapradesh 286, State of M.P. and another Vs. M/s. ,Hariom General Industries, and another
- AIR 1972 Supreme Court 2299, M. Kallappa Setty Vs. M.V. Lakshminarayan Rao
- AIR 1984 Punjab and Hariyana 262, Sadhu Ram Vs. Gram Panchayat, Pastana
- 1995 (0) AIJEL - SC 16520, Mahadeo Savlaram Shelke Vs. Pune Municipal Corporation
- AIR 1988 Madhyapradesh 152, Madan Mohan Vs. Gauri Shankar and another
- (1954) 56 BOMLR 147
- AIR 1977 KERELA 41, Kunhamina Umma and Ohers Petitioners Vs. Special Tehsildar and Others
- AIR 1962 Gujarat 214, Miyana Hasan Abdulla Vs. State of Gujarat
- AIR 1995 HP 74
- AIR 1982 Allahbad 376, Daya Shankar Vs. Smt. Bachi and other
- 1968 (0) GLHEL-HC 211404, Shivkumar Atmaram Vs. State of Gujarat
- AIR 1986 Madras 341, A.V.S. Perumal Vs. Vadivelu Asari
- AIR 1973 Madras 421, Irudayam Ammal and others Vs. Salayath Mary
- AIR 1989 Supreme Court 1269, Smt. Chandrakantaben J. Modi and Narendra Jayantilal Modi Vs. Vadilal Bapalal Modi and others
- 2018 (0) AIJEL-SC- 63244, Ram Nagina Rai Vs. Deo Kumar Rai (Deceased)
- Seconad Appeal No. 610 of 2011 and M.P. Nos. 1 and 2 of 2011, M/s. Hotel Chandra Towers Ltd., rep by its Managing Director Mr. M.K. Prabhu Vs. 1. Henry Isidore, 2. Bertin@ Raju Isidore, 3. Juliet Henry

Isidore, 4. Desire Isidore, 5. J.K. Richard Isidore.

૮. પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે આંક–૭૮ થી લેખીત દલીલો રજુ થયેલ છે. જે હાલના દાવાના આખરી નિર્ણયના કારણો ધ્યાને લઈ ચર્ચામા એકી સાથે વણી લીધેલ છે જેથી અહી તેની અલગથી ચર્ચા કરવી ઉચિત જણાતી નથી. તેમજ પોતાની દલીલોના સમર્થનમા નીચે મુજબના ચુકાદા રજુ કરવામા આવેલા છે જેને માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

- AIR 2008 SC 901, Gurunath Manohar Pavaskar & Ors Vs Nagesh Sidappa Navalgund & Ors.
- AIR 2007 SC 414, M.P. Mathur & Ors Vs D.T.C. and Others

**<u>::: કા..ર..ણો :::</u>**

૯. હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે બંને પક્ષકારોએ રજુ કરવામાં આવેલ પુરાવો નીચે મુજબ છે.

## ૧૦. <u>વાદીનો પુરાવો :–</u>

**૧૦.૧** આ કામે વાદી સિરાજ મુસાખાન નાઓએ તેમના આંક–૨૪ ના પુરાવાના સોગંદનામામા સોગંદ ઉપર દાવા અજરીની હકીકતો જણાવેલ હોય પુનરાવર્તન ટાળવા દોહરાવેલ નથી, જયારે પ્રતિવાદી પક્ષેની ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો, વાદી એવુ જણાવે છે કે,'' એ વાત ખરી છે કે વાદી નં. ૧ રસીદાખાતુન મારી માતા થાય છે અને ચાલુ દાવે ગુજરી ગયેલ છે. એ વાત ખરી નથી કે અબ્દુલ રહેમાન મુસા ખાન ભાદી, તા. અંકલેશ્વર મુકામે રહે છે. યુસુફખાન મુસાખાન ભાદી મુકામે રહે છે. એ વાત ખરી છે કે આ બે જણા ને મેં હાલ ના દાવા માં પક્ષકાર તરીકે જોડેલા નથી. એ વાત ખરી છે કે મુસાખાન હુસેનખાન અને મંહમદખાન કાદરખાન ઉર્ફે કદુખાન મારા વડવા થાય છે. એ વાત ખરી નથી કે દાવાવાળી મિલકત તે સંયુક્ત માલીકીની હોય તે બતાવવા માટે મેં હાલ ના કામે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે મેં

મંહમદખાન કાદરખાન અને મુસાખાન હુસેનખાન નું પેઢીનામું આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં મંહમદખાન કાદરખાન તથા મુસાખાન હુસેન ખાન ની મરણ તારીખ મારી દાવા અરજી કે સ. ત. માં લખેલ નથી. હું તેઓ ના મરણ ના દાખલા રજુ કરવા ખુશી છું. હું મુસાખાન હુસેનખાન નો મરણ નો દાખલો આવતી મુદતે રજુ કરી શકુ. મંહમદખાન કાદરખાન નો મરણ નો દાખલો મારે કઢાવવો પડે તેથી મારે છ મહીના જેટલો સમય થાય તેમ છે. મંહમદખાન કાદરખાન આશરે સને ૧૯૫૯ માં ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે મંહમદખાન કાદરખાન અપરિણીત ગુજરી ગયેલા. મને આંક ૨૮ બતાવવામાં આવે છે તે જોઈ ને કહું છું કે તે દાવાવાળી જમીન ની માપણી કરાવવા માટે ડી. આઈ. એલ. આર. શ્રી ને આપેલ અરજી ની નકલ છે. મને આંક ૨૯ બતાવવામાં આવે છે તે જોઈ ને કહું છું કે તે દાવાવાળી જમીન ની હદમાપણી અંગેનું સંમતિપત્રક છે, તેની નીચે મારી સહી છે, જેમાં તારીખ લખેલી નથી. આ સંમતિ પત્રક માં મંહમદખાન મુસાખાન હુસેન ની સહી છે અને તેણે ભુલથી મંહમદ ખાન કાદરખાન ના નામની સામે સહી કરેલ છે. એ વાત ખરી નથી કે અમે છેતરપીડી કરવા માટે આ સહી કરેલ છે. હું મહંમદખાન કાદરખાન નું પેઢીનામુ રજુ કરવા ખુશી છું. પ્રતિવાદી ના પિતા અને મારા પિતા પૈસા ની આપલે કરતા હતા તે અંગે નો હું કોઈ દસ્તાવેજી આધાર રજુ કરવા માંગતો નથી. મેં મારા સ. ત. ના સોગંદનામા માં રૂા. ૬૮૦/– નો જે પ્રતિવાદી ઓ સામેનો બોજો બતાવેલ છે તે ભરપાઈ થઈ ગયેલ હોવા અંગે નો દસ્તાવેજી આધાર મેં રજુ કરેલ છે. મારા વડવાઓ દાવાવાળી જમીન આશરે ૧૯૫૫ પહેલાથી ખેડતા હતા. મારા વડવા ઓ આ મિલકત નું મહેસુલ ભરતા હોય તે અંગેની પાવતીઓ મારી પાસે નથી. હાલ હું વાંકલ, તા. માંગરોલ માં રહુ છું અને જમીન દલાલી નો ધંધો કરુ છું. દાવાવાળી જમીન સિવાય મારી પાસે બીજી કોઈ જમીન નથી. એ વાત ખરી છે કે માંગરોલ પો. સ્ટે. માં મારા વિરૂધ્ધ ઘણા કેસો છે. એ વાત ખરી છે કે મેં પ્રતિવાદી સામે દાવાવાળી જમીન અંગે ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે પો. સ્ટે. માં પ્રતિવાદી ને મારી હાજરી માં બોલાવવામાં આવેલ હતા. મેં પ્રતિવાદી વિરૂધ્ધ જે પોલીસ માં ફરીયાદ કરેલી તે અંગે કોર્ટ માં કોઈ ફોજદારી કેસ દાખલ થયેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીએ ત્યાર બાદ મને લેખિત નોટીસ આપેલી. મેં મારા સ. ત. ના સોગંદનામા માં એવુ લખેલ છે કે પ્રતિવાદી તરફથી આજદિન સુધી મને કોઈ નોટીસ મળેલ નથી અને તે હકીકત સાચી છે. એ વાત ખરી છે કે મારા ભાઇ યુસુફખાન મુસાખાને પોલીસ સ્ટેશન માં મારા વિરૂધ્ધ સોગંદનામું કરી આપેલ હતુ. હું યુસુફખાન મુસાખાનને આ કામે સાક્ષી તરીકે બોલાવવા માંગતો નથી. મેં જો એવુ જણાવેલ હોય કે હું યુસુફખાન મુસાખાનને

કોર્ટ માં હાજર રખાવવા ખુશી છું તો તે હકીકત ખોટી છે. મેં જે ડી. આઈ. એલ. આર. માં અરજી આપેલી તેના અનુસંધાને માપણી થયેલ નથી. સા. સ્વેચ્છા એ જણાવે છે કે કોરોના ના કારણે માપણી થયેલ નથી. મેં માપણી માટે ફરી રીમાઈન્ડર કે અરજી કરેલ નથી. એ વાત ખરી નથી કે મેં ખોટી વારસાઈ કરાવેલી છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન મંહમદખાન કાદરખાન ની પોતાની માલીકીની જમીન હતી. હવે હું કહું છું કે તે જમીન મંહમદખાન કાદરખાન અને મુસાખાન હુશેનખાન ની સંયુકત માલીકી ની જમીન હતી. એ વાત ખરી નથી કે મંહમદખાન કાદરખાન ના બે છોકરાઓ હતા જેમાં એક નું નામ કરીમખાન અને બીજાનુ નામ અશરફ ખાન હતુ. મને માર્ક ૩૭/૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે દાવાવાળી જગ્યાનો વેચાણ દસ્તાવેજ છે. જે સબ-રજીસ્ટાર કચેરીમાં રજીસ્ટર્ડ થયેલ છે. તે દસ્તાવેજમાં વેચાણ આપનાર તરીકે મહમદખાન કાદરખાન ઉર્ફે કદુખાનની સહી છે. આ વેચાણ દસ્તાવેજના પાના નં. ૨ ઉપર હુશેનખાનની સહી છે તે સહી તેઓ વેચાણ કરનાર માલીકને ઓળખે છે અને તેમને સબ રજીસ્ટાર ઓળખે છે.સાક્ષી તરીકે કરીમ ખાન મોહમદખાનની સહી છે. બીજી સહી રસુલખાન મોહમદખાનની સહી છે. મને માર્ક ૩૭/૨ બતાવાવમાં આવે છે જે જોઈને કહું છું કે, તે દાવાવાળી જગ્યાના ઈન્ડેક્ષનો ઉતારો છે. વેચાણ આપનાર તરીકે મહમદ ખાન કાદરખાન ઉર્ફે કદુખાનનું નામ લખેલ છે. વેચાણ લેનારમાં મોહમદ ઉર્ફે ભૈયાતનું નામ છે જે નોંધણી તા.૨૫.૦૬.૧૯૫૫ ની છે. નોંધણી રજીસ્ટર્ડ નં.૪૨૪ છે. જેમા દાવાવાળી જમીનનો સર્વે નંબર તથા ક્ષેત્રફળ લખેલ છે. આ જે ઈન્ડેક્ષની અસલ નકલ તા.૦૯.૦૧.૧૯૯૨ ના રોજ મેળવેલ છે તેવું દર્શાવેલ છે.એ વાતની મને ખબર નથી કે, દાવાવાળી જમીનના મુળ માલીક મહમદ ખાન કાદરખાન ઉર્ફે કદુખાન હતાં કે નહીં. એ વાત ખરી નથી કે મુસાખાન આ મિલકતના સંયુકત માલીક હતા તે દર્શાવતા કોઈ પુરાવાઓ આ કામે રજુ કરેલા નથી. આંક-૨૩ બતાવતા તે જોઈને કહું છું કે, તે દાવાવાળી જમીનની વારસાઈ ફેરફાર નોંધ દર્શાવતો નમૂનો-૬ હકક પત્રકની નકલ છે. એ વાત ખરી છે કે, તેમા પ્રમાણીત કરનાર મહેસુલી અધિકારીનું નામ કે હોદ્દો દર્શાવતો સિકકો નથી. એ વાત ખરી છે કે નમૂનો -૬ પ્રમાણીત થયેલ છે તેમા દર્શાવેલ દસ્તાવજી પુરાવાઓ આ કામે મેં રજુ કરેલા નથી. એ વાત ખરી નથી કે હું ખેડૂત નથી. એ વાતની મને ખબર-નથી કે રેવન્યુ રેકર્ડમા ખોટી બોગસ વારસાઈ ઉભી કરેલ છે. એ વાત ખરી નથી કે, બીજી જગ્યાએ જમીન ખરીદવા માટે રેકર્ડથી આ વારસાઈ ફેરફાર નોંધનો ઉપયોગ કરેલ છે. એ વાત ખરી નથી કે, આ વારસાઈ પેઢી નામું બનાવી સરકાર સાથે ફ્રોડ કરેલ છે. એ વાત ખરી છે કે, આ સિવાય બીજી જગ્યાએ ખેતીની જમીનો

મારા ભાઈઓની છે. મારા ભાઈ યુસુફખાન મુસાખાનના નામે તથા રહેમાનખાન મુસાખાનના નામે બીજી જગ્યા એ ખેતીની જમીન આવેલ છે. એ મને ખબર નથી કે આ જમીનો બંને ભાઈઓ કયારે ખરીદી. એ વાત ખરી નથી કે, રેકર્ડમા ખોટી વારસાઈ નોંધ છે તે આધારે હાલનો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીનમાં મારો કોઈ માલીકી હકક હીત કે અધિકાર નથી. એ વાત ખરી નથી કે મેં ખોટો દાવો કરેલ છે.

**૧૦.૨** આ કામે વાદી તરફે સાહેદ સેદાત હારૂન ઈસ્માઈલ નાઓએ આંક –૩૮ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, ''જીલ્લા ભરૂચ તા.અંકલેશ્વરના ગામ મોજે ભાદીના સર્વે નં.૩૦૮, ખાતા નં. ૨૭૫ સુમારે ૦– ૬૮ – ૮૦ ની ખેતીની જમીન વાદીઓના કાયદેસરના માલીકી કબજા ભોગવટા વહીવટમાં ચાલી આવેલ છે. આ જમીન તેઓ વડીલો થકી વારસાઈથી તેઓને મળેલી છે. હું વાદીના પિતા મૂસાખાન હુશેનખાન મારા પાડોશમા રહેતા હતા અને દાવાવાળી જમીનની ખેતી કરતા હતા તે હું જાણું છું. દાવાવાળી જમીન મે જોયેલી છે અને હાલ પણ તે જમીન વાદીઓના કબજામાં ચાલી આવેલ છે. પ્રતિવાદીઓને પણ હું ઓળખુ છું અને દાવાવાળી જમીન તેઓએ કદી પણ ખેડી નથી. પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં કદી પણ કબજો ધરાવતા ન હતા. વાદીની દાવા અરજી મે વાંચી છે. તેમા લખેલી તમામ હકીકત ખરી છે. તે હું જાણું છું. ખોટુ સોગંદનામુ કરવુ એ ગુનો છે. એ હું જાણું છું.''

સદર સાહેદ પ્રતિવાદીપક્ષની ઉલટ તપાસમા જણાવે છે કે,'' એ વાત ખરી છે કે મે હાલની મારી સ.ત. માં મારો ધંધો શું છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે હાલની સ.ત.માં હકીકતો જણાવ્યા મુજબના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે મે દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ જોયેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી જમીનના માલીક મંહમદખાન કાદરખાન હતા. તેઓ હાલ હયાત નથી. તેઓ કયારે ગુજરી ગયા તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે મંહમદખાન કાદર ખાનનું મરણ થયેલ તે વખતે તેમના બે પુત્રો હયાત હતા. એ વાતની મને ખબર નથી કે મંહમદખાન કાદરખાનના બે પુત્રો નામે અશરફખાન અને કલીમખાન હતા. મુસાખાન આ

મિલકતના માલીક કેવી રીતે હતા તેની મને જાણ નથી. એ વાતની મને ખબર નથી કે દાવાવાળી જમીન મંહમદખાન કાદરખાન નાએ મંહમદ હુસેન ભૈયાતને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ ઓલી. એ વાતની મને ખબર નથી કે દાવાવાળી જમીનના માલીક હાલના પ્રતિવાદીઓ છે. એ વાત ખરી નથી કે મે મારી સ.ત.માં ખોટી હકીકતો દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે હું સોગંદ પર ખોટી જુબાની આપુ છું.''

## ૧૧. <u>પ્રતિવાદીનો પુરાવો :–</u>

**૧૧.૧** આ કામે પ્રતિવાદી ઈકબાલ યુસુફ ભૈયાત નાઓએ તેમના આંક–૪૧ ના પુરાવાના સોગંદનામામા તેમના દાવા જવાબની હકીકતો જણાવેલ હોય પુનરાવર્તન ટાળવા દોહરાવેલ નથી, જયારે વાદી પક્ષેની ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો પ્રતિવાદી એવુ જણાવે છે કે, ''અંગ્રેજીમાં હુ નામ લખી શકુ છુ બીજુ કાઈ નહી. હુ સહી અંગ્રેજીમાં કરુ છુ. જે જુબાની રજુ કરેલ છે તે મેં વાંચેલ છે . અમોએ જે સાત /બાર ની નકલ રજુકરેલ છે તે અમોએ વાંચી છે . એ વાત ખરી છે કે અમો એ રજુ કરેલ સાત/બારની નકલમાં માલીક કબ્જેદારનુ નામ ચાલે છે . એ વાત ખરી છે કે બીજા હક્કમાં પણ અમારુ નામ નથી. અમોએ રજુ કરેલ દાવાવાળી જમીનની રજુ થયેલ સાત/બારની નકલકે અન્ય દસ્તાવે,પેપર્સમાં કોઈમાં પણ અમારુ નામ માલીક કબ્જેદાર તરીકે ચાલતુ નથી . સને ૧૯૯૫ થી આજ દીન સુધી દાવાવાળીમીલકતમાં માલીક કબ્જેદાર તરીકે વાદીઓનુ નામ ચાલે છે . એ વાત ખરી છે કે આ જુબાની મુકતા પહેલા મે આ તમામ દસ્તાવેજોનો અભ્યાસકરેલ હતો . મારા દાદા મોહમ્મદ હુસેન મુત્યુ પામેલ ત્યારે મારા દાદાના સંતાનો માં ૨ પુત્રો એકનુ નામ યુસુફ મોહમ્મદ ભૈયાત અને બીજાનુ નામ સુલેમાન મોહમ્મદ ભૈયાત છે . એ વાત ખરી છે મારા દાદા મોહમ્મદ હુસેનનુ મ્રુત્યુ ક્યારે થયુ તેનો સમય મારી જુબાની કે જવાબમાં જણાવેલ નથી. મારા દાદા મરણ થયા પછી તેમનુ પેઢીનામુ કરાવેલ નથી. આ દાવામા મારા દાદા મોહમ્મદ હુસેનનુ રેસન કાર્ડ પણ રજુ કરેલ નથી. મારા દાદા મોહમ્મદ હુસેનના બન્ને પુત્રો મ્રુત્યુ પામેલ છે. યુસુફભાઈના વારસોમાં તેમની પત્ની ફાતીમાં યુસુફ ભૈયાત, પુત્રી હફસા યુસુફ ભૈયાત, પુત્ર સુલેમાન ભૈયાત, પુત્ર મોહમ્મદ હનીફ, પુત્રી સાબેરા તથા પુત્ર

ઇકબાલ તથા પુત્ર ઇબ્રાઇમ ઉર્ફે ગોરો . મારા કાકા સુલેમાનના સંતાનોમાં ૫ પુત્રો અને ૩ પુત્રીઓ છે . પુત્રોમાં અયુબ ,ગુલામ, ઉસ્માનગની, અબ્દુલ રહીમ, સલીમ, તથા પુત્રીઓ આઇસા, ફાતેમા, હફીજા છે . અમોએ મારા પીતા તથા કાકા સુલેમાનનુ પેઢીનામુ બનાવેલ નથી તથા તેમનુ રેસનકાર્ડ પણ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મહેસુલ ભરતી વખતે મહેસુલની રસીદ જે માલિક હોય તેમના નામની આપાવામાં આવે છે અને હસ્તકમાં નાંણાભરનાર નુ નામ લખવામાં આવે છે . એ વાત ખરીછે કે મહેસુલની રસીદ તલાટી એ આગળની મહેસુલની રસીદ જોઇને ફાડીઆપેલ એ વાત ખરી નથી કે સાત / બાર ની નકલમાં મારુ નામ નથી ચાલતુ એ માટે મે મામલતદારમાં અરજી કરેલ . આ અરજી મે ૨૦૨૦ કે ૨૦૨૧ માં કરેલ . વાદીઓએ આ દાવો કર્યો ત્યાર પછી મે અરજી કરેલ . એ વાત ખરી છે કે તે અરજી મે આ કામમાં રજુ કરેલ નથી. એ અરજી સાથે મે મામલતદારમાં કોઇ દસ્તાવેજ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે એ અરજી ઉપરથી મારુ નામ દાખલ થયેલ નથી. તે વાત ખરી છે કે માલીક તરીકે માલીકીના કોઇ પુરાવા રજુકરેલ ન હોવાથી મારુનામ માલીક તરીકે ચઢાવેલ નથી. આ દાવો વાદીએ કરેલો છે તે વિરુધ્ધ પ્રતિવાદીઓ સીવાય મોહમ્મદ હુસેન ભૈયાતના કોઈ વારસોએ વાંધો લીધેલ નથી. આ મિલક્ત મારા દાદાએ વેચાણ રાખીહતી તેનો વેચાણ દસ્તાવેજ અને ઇન્ડેક્ષની નકલ તેમજ આ મિલક્તનો અમો વેરો ભરતાહતા તે વેરા પાવતીઓના આધારે અમો આ મિલક્તન માલીક હોવાનુ હુ જણાવુ છુ. મારા દાદાએ આમીલક્ત વેચાણ રાખેલી તેનો વેચાણ દસ્તાવેજ મે આકામમાં રજુ કરેલ છે તે દસ્તાવેજ ના આધારે રેવન્યુ રેકર્ડમાં મારા દાદાનુ નામ ચઢેલ છે . તે રેવન્યૂ રેકર્ડની નોધો મે આ કામ માં રજુ કરેલ છે. મને કોર્ટનુ રેકર્ડ બતાવવામાં આવે છે જે ૧૦/૦૪ થી તે નોંધ રજુ થયેલ છે . એ વાત ખરી નથી કે તે નોંધ ગણોત હક્કે દાખલ થયેલ છે. એ વાત ખરી છે કે આ નોધમાં ૧૯૮૮ થી આજ દીન સુધી આ મિલકતપર વાદીઓના નામ ચાલે છે. એ વાત ખરી છે કે નાયબ કલેક્ટર શ્રી અંકલેશ્વર સમક્ષ મે આ નોધ સામે આર.ટી. એસ અપીલ કરેલ હતી. તે મારી અપીલ રદ થયેલ છે. એ વાત ખરી નથી કે તેનાવીરુધ્ધ મે કલેક્ટર સમક્ષ અપીલ કરેલ નથી. કલેક્ટર સમક્ષની અપીલ હાલ પેંન્ડીગ છે. મે કલેક્ટર સમક્ષ જે અપીલ કરેલ છે તેની નકલ મે આ કામમાં રજુ કરેલ છે કે કેમ તેની મને ખબરનથી. નાયબકલેક્ટર સમક્ષ મે જે અપીલ કરેલ હતી. તે દાવાવાળી મીલક્તમાં મારા નામ દાખલ કરવા કરેલ હતી. આ દસ્તાવેજ રજીસ્ટડ થયેલાની રજીસ્ટડ પાવતી આ કામમા રજુ કરેલ કેકેમ તે મને ખબર નથી. તા:૨૮/૦૯/૨૦૨૦ ના રોજ પોલીસનો મારા પર ફોન આવેલ કે મારા પર કેશ છે અને

તમારે પોલીસ સ્ટેસનમાં આવવાનુ છે ત્યારે વાદી એ મીલક્તમા પોતાનુ નામ ચઢાવેલ છે તેની મને ખબર પડેલ . એ વાત ખરી નથીકે તે પહેલા વાદીઓએ અમારા પર દાવો કરેલ હતો . એ વાત ખરી છે કે હાલના દાવાની નોટીશની બજવણી મને થયેલ તે સાથે દાવાની નકલ અને દસ્તાવેજોની નકલ મને મળી હતી. વાદીએ ખોટાનામો ચાઢાવી લીધેલ છે તે અંગે મે પ્રાન્તમાં અરજી આપેલ અને વાદીઓને તે અંગેની નોટીશ મોકલાવેલ હતી. મે આ અંગે કોઇ જાહેર નોટીશ આપીલ નથી કે દીવાની કોર્ટમાંદાવો કરેલ નથી. એ વાત ખરી છે કે દસ્તાવેજી પુરાવા અને ખોટા ફ્રોડ અને રેકર્ડ સાથે ચેડા કરેલ છે તેવા કયા પ્રકારના રેવન્યુ રેકર્ડ માં ચેડા કરેલા છે તેવુ જુબાનીમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ૧૯૫૫ ના દસ્તાવેજ કયા મહીનામાં કઈ તારીખે અને કયા નંબર થી રજીસ્ટર્ડ થયેલ છે તે જુબાનીમાં લખેલ નથી. એ વાત ખરી છે કે અમો મહંમદ હુસેન ભૈયાત ના વારસાઈ તરીકે માલીક મુખત્યાર થયેલા તે બતાવવા અમારી પાસ કોઈ લેખીત પુરાવા નથી. એ વાત ખરી છે કે છેલ્લા ૬૫ વર્ષ થી સતત એકધારી કોઈપણ જાત ની અટકાયત વગર ખેતી કરતા આવેલા છે અને વર્ષોવર્ષ પાક લેતા આવેલા છે તે બતાવવા મારી પાસે તેનો કોઈ લેખીત પુરાવો નથી. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનમાં જબરદસ્તી કબજો લેવા પ્રયાસ કરેલો ત્યારે વાદીએ અમારા વિરુધ્ધ પોલીસ સ્ટેશન માં ફરિયાદ કરેલી. એ વાત ખરી છે કે મને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલ અને પોલીસે કાયદેસરના પગલા લીધેલા. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન વાદીઓ પાસે તેમના વડવાઓ પાસેથી આવેલ છે. એ વાત ખરી નથી કે તેમાં અમારો કોઈ હકક નથી. પ્રતિવાદીને એવો સવાલ પુછવાામાં આવે છે કે, વાદી એ તમારી પાસેથી જમીન પડાવી લેવાના પ્રયત્નો ક્યારે કરેલા. તેના જવાબમા પ્રતિવાદી જણાવે છે કે, અમારા વિરુધ્ધ વાદી એ ફરિયાદ કરેલી ત્યારે અમને ખબર પડેલી કે આ જમીનમાં અમારા નામની જગ્યાએ વાદીનુ નામ ચાલે છે. વાદીએ આ જમીન પોતાના નામે કરાવી લીધેલ હોવાનુ અમને ખબર પડતા તે બાબતે મે કોઈ કેસ કરેલ નથી. એ વાત ખરી નથી કે આ જમીન વાદીની છે અને હુ ખોટી રીતે જમીન પડાવી લેવા ખોટી જુબાની આપુ છુ."

**૧૧.૨** આ કામે પ્રતિવાદી તરફે સાહેદ યુસુફખાન મુસાખાન હુશેન નાઓએ આંક –૬૫ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, '' મોજે ગામ ભાદી, તા.અંકલેશ્વર, જી.ભરુચ મુકામે ખાતા નં. ૧૭૫ (નવો ખાતા નં.૨૭૫),

સર્વે નં.૩૯૯ (જુનો), ૩૦૮ (નવી), ક્ષેવફળ ૦–૬૮–૮૦ વાળી જુની શરતની ખેતીની જમીન બાબતે અમો સોગંદનામુ કરનારની માતા તથા ભાઈ–બહેનોએ આપ નામદાર સાહેબની કોર્ટમાં પ્રતિવાદી નં.૧ ઇકબાલ કુશૈન ભૈયાત તથા ૨. સુલેમાન કુશૈન ભૈયાત વિરુધ્ધ ઉપરોક્ત જમીનની માલીકીની જાહેરાત તથા જાથુનો મનાઇહુકમ મેળવવા માટે દાવો કરેલ છે. સદર સોગંદનામાંમાં ઉપર જણાવેલ સવાલવાળી જમીનને હવે પછી દાવાવાળી જમીન તરીકે સંબોધવામાં આવેલ છે. સદર દાવાઅરજી તથા મનાઇઅરજી અમોએ વાંચી છે. તથા દાવાઅરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પણ વંચાણે લીધા છે. સદર દાવામાં વાદી નં.૧ રસીદાખાતુન અમારી સગી માતા થાય છે. જ્યારે વાદી નં.૨. ૪, ૫, ૬ અમારા સગા ભાઈઓ થાય છે, જ્યારે વાદી નં.૩ અને ૭ એ અમારી સગી બહેનો થાય છે. જ્યારે અમો સોગંદનામુ કરનાર યુસુફ ખાન મુસા ખાનને તથા અમારા એક ભાઈ નામે અબ્દુલરહેમાન મુસાખાનનાઓને વાદીઓએ ઈરાદાપુર્વક સદર દાવામાં વાદી તરીકે પક્ષકાર બનાવેલ નથી, કારણ કે દાવાવાળી જમીન બાબતે વાદીઓએ તદન ખોટો માલીકીનો તથા કબ્જા–ભોગવટા તથા ખેડહક્કનો ખોટો કલેઈમ કરેલ છે, સદર સાચી હકીકતો અમો જાણતા હોય અમોએ સદર દાવો ન કરવા સુચના આપેલ. જેથી અમોને પક્ષકાર તરીકે જોડેલ નથી.

અમો સદર સોગંદનામાંથી સાચી હકીકત જાહેર કરીએ છીએ કે દાવાવાળી જમીન પ્રતિવાદીઓની સંયુક્ત માલીકી કબ્જા–ભોગવટાની ચાલતી આવેલ છે. સદર જમીન પ્રતિવાદીઓના દાદા મહમદ કુરીન ભૈયાત, રહે. ભાદી, તા.અંકલેશ્વરનાઓએ કાયદેસર અવેજ ચુકતે આપી સને તા.૨૫–૦૬–૧૯૫૫ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ કાયદેસર ખરીદ કરેલ છે, તેની નોંધણી અંકલેશ્વર સબ–રજીસ્ટરારની ઓફીસમાં નોંધણી નં.૪૨૪ થી થયેલ છે. અને સદર જમીન ખરીદ કર્યા પછી તેઓ ગુજરી જતા પ્રતિવાદીઓ વારસાઈ રુહે માલીક મુખત્યાર કબ્જેદાર થયેલા છે. અને જમીન ખરીદ કર્યા પછી આજદિન સુધી પ્રતિવાદીઓના સંયુક્ત માલીકી–કબ્જા–ભોગવટા–ખેડહક્કમાં ચાલતી આવેલ છે. એટલે છેલ્લા ૬૫ વર્ષથી પ્રતિવાદીઓના વડવા અને તે પછી પ્રતિવાદીઓ સતત એકધારી કોઈપણ જાતની અટકાયત–રુકાવટ વગર તથા ભાદી ગામ લોકોની જાણમાં તથા વાદીઓની જાણમાં સદર જમીન પ્રતિવાદીઓ ખેડતા આવેલા છે. અને વર્ષો–વર્ષ ખેતીનો પાકો લેતા આવેલા છે. સદર હકીકતો અમો મોજેગામ ભાદીમાં રહેતા હોય બાળપણથી સારી રીતે જાણીએ છીએ અને સમજીએ છીએ તે આ સોગંદનામાંથી જાહેર કરીએ છીએ.

વધુમાં અમો સોગંદનામું કરનાર જાહેર કરીએ છીએ કે દાવાવાળી જમીન ઉપર

સને ૧૯૫૫ થી અમારા વડવાઓએ વેચાણ આપેલ ત્યારથી કોઈપણ જાતના ટાઈટલ કે હક્ક–હિત–હિસ્સા આવેલ નથી કે વાદીઓએ અમારા ખેડ હક્કમાં ઉપર જણાવ્યા મુજબ સને ૧૯૫૫ થી આજદિન સુધી સવાલવાળી જમીનના માલીકી હક્કો પ્રતિવાદીઓના વડવા મહમદ હુશેન ભૈયાતના આવેલા હતા, અને તેઓ ગુજરી જતા કૌટુંબીક વારસાઈ રુહે હાલના પ્રતિવાદીઓ સાચા માલીક તથા કબ્જે ભોગવટેદાર તથા ખેડુત છે. અને કોઈપણ જાતની અટકાયત રુકાવટ વગર સવાલવાળી જમીનમાં તેઓ ખેતી કરી જુવાર–કપાસ તથા દાવાવાળી જમીનના સરકારી વેરા પણ પ્રતિવાદીઓ ભરે છે, અને સદર સવાલવાળી જમીન બાબતે તેમના વડવાઓ વખતથી સરકારી સોસાયટીમાં દાવાવાળી જમીન બાબતે તેમના હક્કો–હિતો આવેલા છે, તે અંગેના પુરાવા ધરાવે છે.

વધુમાં સાચી હકીકત અમો જણાવીએ છીએ કે દાવાવાળી જમીન અગાઉ મહમદખાન કાદરખાન ઉર્ફે કદુખાનની માલીકીની આવેલી હતી અને તેઓએ ઉપર જણાવ્યા મુજબ સંપુર્ણ અવેજ લઈને રજી.વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદીઓના વડવાઓને તબદીલ કરેલ છે, પરંતુ પ્રતિવાદીઓના વડવા મહમદ હશેન ભૈયાતનું નામ કોઈ કારણોસર દાવાવાળી જમીનના માલીક તરીકે આવેલુ નહિ અને સાચી હકીકતો અમો જાણતા હોય અમોએ વાદીઓને સદર ખોટો દાવો નહિ કરવા વારંવાર સમજાવતા તેઓએ અમોને પણ વાદી તરીકે પક્ષકાર બનાવેલ નથી, તે નામદાર કોર્ટને જાહેર કરીએ છીએ.

વધુમાં આ સોગંદનામાંથી જાહેર કરીએ છીએ કે વાદીઓ પૈકી અમારી માતા મોજેગામ વાંકલ તા.માંગરોલ, જી.સુરત મુકામે રહે છે. અને તેઓ કદી ભાદી મુકામે આવેલ નથી. તથા ખેતી કરતા નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ દાવાવાળી જમીન બાબત દાવાવાળી જમીનના રેકર્ડમાં ખોટી વારસાઈ ફેરફાર નોંધ રેકર્ડ ઉપર લાગવાગના જોરે પ્રમાણિત કરી સદર ખોટી દાવો કરેલ છે. તે સાચી હકીકત હોય સદર સોગંદનામુ કરવાની જરુર પડેલ છે.

વધુમાં જાહેર કરવાનુ કે સદર દાવામાં અમો મહત્વના સાક્ષી છીએ અને આજરોજ અમો નામદાર કોર્ટમાં હાજર રહી સાચી હકીકતો જાહેર કરવા સાક્ષી આપીએ છે. અગાઉ અમોને તાત્કાલીક વિદેશ જવાનુ થયેલ હોય નોટરી રુબરુ તા.૦૬–૦૪–૨૦૨૧ ના રોજ સોગંદનામુ કરેલ છે. તે નામદાર કોર્ટને જાહેર થાય.

અગાઉ અમારી માતાએ અંકલેશ્વર રુરલ પોલીસ સ્ટેશનમાં તા.૨૮–૦૯–૨૦૨૦ ના રોજ દાવાવાળી જમીનનો ગેરકાયદેસર કબ્જો લેવા માટે પોલીસના

મેળાયીપણામાં ફરીયાદ કરેલ, સદર ફરીયાદ બાબતે પણ અમો પ્રતિવાદીઓ સાથે લાગતા–વળગતા પોલીસ સ્ટેશનમાં ગયેલા અને પોલીસ સમક્ષ મૌખિક રજુઆત કરેલ કે દાવાવાળી જમીન પ્રતિવાદીઓની માલીકી કબ્જા–ભોગવટામાં ચાલતી આવેલી છે, અને તેઓ કાયદેસર ખેતી કરા આવેલા છે. જ્યારે વાદી અમારી માતા તથા અમારા ભાઈ–બહેનોનો કોઈ માલીકી હક્ક–હિત અધિકાર આવેલ ન હોય ખોટી ફરીયાદ કરેલ, પરંતુ પોલીસ અધિકારીને સાચી હકીકતની જાણ થતા તેમની ફરીયાદ ઉપર કોઈ કાર્યવાહી કરેલ નહિ અને ફરીયાદ દફતરે કરેલ.

ઉપરોક્ત સાચી હકીકતો બાબતે અગાઉ અમોએ તા.૦૬–૦૪–૨૦૨૧ ના રોજ નોટરી રુબરુ એફીડેવીટથી જાહેર કરેલ છે. સદર એફીડેવીટની અસલ પ્રતિવાદી નં.૧ ની જુબાનીના થી આપ નામદાર કોર્ટમાં પુરાવાલિસ્ટથી નિશાની ૪૦/૮ થી રજુ કરેલ છે, જેને આંક–૫૦ રજુ કરેલ છે. ઉપર દર્શાવેલ તમામ હકીક્ત મારા જાણવા તથા માનવા મુજબ ખરી અને સાચી છે. તે જાહેર કરીએ છીએ. "

સદર સાહેદ વાદીપક્ષની ઉલટ તપાસમા જણાવે છે કે, "મારો વેપાર એરલાઈન્સ ટીકીટ વિગેરે નો છે. હુ આ ધંધો પચ્ચીસ વર્ષ થી કરું છુ. ભાદી ગામના સરપંચ તરીકે પાંચ વર્ષ રહેલો. ભાદી ગામમાં મારા વડીલો ની દાવાવાળી જમીન સિવાય પણ બીજી બે જમીન હતી. એ વાત ખરી નથી કે તે જમીન મે વેચાણ કરી નથી. એ વાત ખરી નથી કે તે જમીન મારા પિતાજી ના નામથી ખોટી રીતે વેચાણ કરી નાખેલી. એ વાત ખરી નથી કે જમીન વેચાણ થઈ ત્યારથી વાદી ઓ જોડે મારે મનદુખ ચાલે છે. એ વાત ખરી નથી કે મારી માતા રસીદાખાતુને મીલકત માંથી મને બેદખલ કરેલા. એ વાત ખરી નથી કે તે બદલ મારી માતા એ જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરાવેલી. એ વાત ખરી છે કે વાદી. નં.૭ ના પુત્ર અને મારી પુત્રી વચ્ચે છુટાછેડા થયેલા છે. એ વાત ખરી છે કે ત્યાર થી મારે વાદી નં.૭ સાથે બોલવા ચાલવાનો પણ સંબંધ નથી. એ વાત ખરી નથી કે વાદીઓના સારા નરસા પ્રસંગમાં હુ જતો નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે વાદી નં.૭ સિવાય ના બીજાઓના પ્રસંગમાં જાવ છુ. મારી છોકરીના ચાર વર્ષ પહેલા લગ્ન થયેલા હતા. દાવાવાળી જમીન નો સર્વે નં. ૩૯૯ છે. એ વાત ખરી છે કે રેવન્યુ દફતરે જ માલીકી હકક બતાવે છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી ઓના માલીક કબજેદાર તરીકે અમો કોઈપણ રેવન્યુ રેકર્ડ માં નામ દાખલ થયેલા જોયેલ નથી. એ વાત ખરી છે ક પ્રતિવાદી નં.૧ ઈકબાલ યુસુફ ભૈયાત ધી ખરોડ અંજુમન સાર્વજનિક હાઈસ્કુલ ખરોડમાં પ્યુન તરીકે નોકરી કરે છે.એ વાત ખરી છે કે પ્રતિવાદી નં.ર સુલેમાન યુસુફભાઈ ખરોડમાં પોતાની રીક્ષા ચલાવે છે. આ જમીન ના માલીક વાદીઓ નથી તે અંગે ની

જાણ મને આશરે આજ થી ત્રણ વર્ષ અગાઉ થયેલ. મને તે અંગે ની જાણ થતા આ જમીન માં રેવન્યુ રેકર્ડ માં કોનુ નામ ચાલે છે તે અંગે ની રેવન્યુ રેકર્ડ માં તપાસ કરી હતી. એ વાત ખરી છે કે તે રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદી ઓના નામ હતા નહી. દાવો ન કરવા માટે ની સુચના મે મારા ભાઈ યુસુફભાઈ ને આજ થી ચાર વર્ષ પહેલા આપેલ હતી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે મારો ભાઈ એ મને કીધેલ હતુ કે દાવો કરવાનો છે ત્યારે મે તેઓ ને જણાવેલ હતુ કે દાવો કરવાની જરુર નથી જે જમીન આપણી છે નઈ તેના માટે દાવો કરવો નહી. એ વાત ખરી છે કે વાદી એ કરેલા હાલના દાવામાં વાદી તરીકે મહેમુદભાઈ નુ નામ નથી. એ વાત ની મને ખબર નથી કે મહેમુદ ભાઈ એ આ દાવાનો વિરોધ કરેલ છે કેમ. એ દસ્તાવેજ કોને કરેલો છે અને કોની સહી છે તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે તે દસ્તાવેજ કયા નંબર થી નોધાયેલ તેની મને જાણ નથી.

વારસાઈ મજકુર દાવાવાળી જમીન પ્રતિવાદી વારસાઈ હકકે ધરાવે છે તે બતાવવા મારી પાસે કોઈ દ.પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે પાંસઠ વર્ષ થી પ્રતિવાદી ઓ જમીન ખેડતા આવેલા છે તેનો કોઈ પુરાવો મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે વાદી ઓ સાથે મારી તકરાર ચાલતી હોય તેમની વિરુધ્ધ ખોટો પુરાવો આપવા આવેલ છુ. એ વાત ખરી નથી કે એફીડેવીટમાં જણાવેલ કોઈ પણ વસ્તુની મને જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે મારી સરતપાસ માં લખેલ હકીકતો વકીલશ્રી એ લખી લીધેલ છે મે માત્ર સહી કરેલ છે."

## ૧૨. <u>પુરાવાની ચર્ચા તેમજ મુલ્યાંકન :–</u>

**૧૨.૧** હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે બંને પક્ષકારોએ રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે અને તેના ઉપરથી દાવાનો નિર્ણય આપી શકાય તેમ છે. આમ પુરાવાનુ મુલ્યાકન કરતા પહેલા પુરાવાનો બોજો કયા પક્ષકાર પર રહે છે તે બાબત પણ ધ્યાને લેવી જરુરી જણાય છે. પુરાવાના બોજા અંગેની જોગવાઈ ભારતીય પુરાવા અધિનીયમમા કરવામાં આવેલ છે અને તેમા મહત્વની જોગવાઈ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩માં પુરાવાના બોજા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.ભારતીય કલમ–૧૦૧ થી ૧૦૩ માં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

***કલમ –૧૦૧. પુરાવાનો ભાર કે, બોજો (Burdern of Proof)***

*" જો કોઇ વ્યક્તિ એવી આશા રાખતી હોય કે, તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોના પુરાવાના અસ્તિત્વ ઉપર આધારિત કોઇ કાયદેસરતા અથવા જવાબદારી વિશે કોર્ટ ફેંસલો આપે તો તે તેણે પુરવાર કરવું પડશે કે, તે હકીકતો અસ્તિત્વ માં છે .*

*કોઈ વ્યક્તિ કોઈ હકીકતના અસ્તિત્વને પુરવાર કરવા બંધાયેલી હોય , ત્યારે પુરાવાનો ભાર કે, બોજો તેના ઉપર છે એમ કહેવાય . "*

***કલમ–૧૦૨. પુરાવાનો બોજો કોના ઉપર હોય છે. (On whom burden of proof lies)***

*" બે માંથી કોઇ પક્ષકાર તરફથી કશો પુરાવો આપવામાં આવ્યો નહી હોય , ત્યારે જે વ્યક્તિ નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા તથા કાર્યવાહીમાં પુરાવાનો બોજો છે. "*

***કલમ –૧૦૩ . કોઇ વિશિષ્ટ હકીકત સબંધમાં પુરાવાનો ભાર (Burdern of Proff as to particular fact):–***

***" કોઈ ચોક્કસ હકીકતનું અસ્તિત્વ હોવાનું કોર્ટ માને એમ જે વ્યક્તિ ઇચ્છતી હોય, તેના ઉપર તે હકીકતને પુરવાર કરવાનો ભાર છે. સિવાય કે, તે હકીકતના પુરાવાનો ભાર કોઇ ચોક્કસ વ્યક્તિ ઉપર રહેશે એવી કોઇ કાયદાથી જોગવાઇ કરવામાં આવી હોય. "***

આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ માં થયેલ જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો જે વ્યકિત કોઈ પણ વિષય વસ્તુ માટે જે દાદ મેળવવા માંગતા હોય તે વિષય વસ્તુ અસ્તીત્વ હોવા અંગે પુરવાર કરવાની જવાબદારી જે તે વ્યકિતની રહે છે.

**૧૨.૨ <u>મુદા નં.૧ થી ૩</u>**

આ કામે મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના આશયથી તેની સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

વાદવાળી જગ્યા મોજે ગામ ભાદી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ મુકામે ખાતા નં.૧૭૫, સરવે નં.૩૯૯ (જુનો), ૩૦૮ (નવો), ક્ષેત્રફળ ૦–૬૮– ૦૦ વાળી જુની શરતની ખેતીની જમીન બાબતે આ કામના વાદીએ તેમની દાવા અરજીની હકીકત પુરવાર કરવા આંક–૨૩ થી પુરવાનુ લીસ્ટ રજુ કરેલ છે જે વંચાણે લેતા, વાદવાળી જમીન બ્લોક/સરવે નં. ૩૦૮ ના ૭–૧૨, ૮–અ ના ગામ નમુના નંબર આંક–૨૫ થી ૨૭ સુધી રજુ છે. જે વંચાણે લેતા આ કામના વાદીઓના નામ કબજેદાર તરીકે જણાય આવે છે તેમજ મહમદ હુશેન ભયાતનો જમીન ઉપર બોજો રૂ.૬૮૦/– અને તેમનુ નામ બીજા હકકો અને બોજાની વિગતોમાં જણાય આવે છે. આંક–૩૧ થી રજુ આર.ટી.એસ. અપીલ નં.૨૭૮/૨૦૨૧ ના કામે થયેલ હુકમની પ્રમાણીત નકલ રજુ છે. આ અપીલ આ કામના પ્રતિવાદીઓ દવારા કરવામાં આવી હતી જેમા વાદવાળી જમીન અંગેનો દાવો કોર્ટ સમક્ષ પેન્ડીંગ હોય પ્રતિવાદીઓની અપીલ નામંજુર કરવામાં આવી હતી. વધુમાં આંક –૩૨ થી આંક–૩૪ સુધીના ગામ નમુના નં.૭ અને ૧૨, ૮–અ અને ૬ રજુ છે. જે વંચાણે લેતા વાદવાળી જમીન વાદીના કબજોદાર હોવાનુ જણાય આવે છે. વાદીએ આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

પ્રતિવાદી તરફે આંક–૪૦ થી પુરાવા લીસ્ટ રજુ છે જેમા આંક–૪૩ થી આંક–૬૯ સુધીના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. આંક–૪૩ અને આંક–૪૪ ૭–૧૨ ના ઉતારા છે જે સરવે નં.૧૬૮ ના ઉતારા છે ત્યારબાદ આંક–૪૧ થી સરવે નં.૩૯૯ જેના નવા સરવે નં. ૩૦૮ (વાદવાળી જમીન) ના છે જે વંચાણે લેતા કબજેદાર તરીકે મુસાખાન હુશેનખાન તથા મહમદખાન કાદરખાનના નામ છે. બીજા હકકમાં સદર જમીન ટુકડો હોય તેમ દર્શાવેલ છે તેમજ તેમા મહમદ હુશેન ભયાતનો સદર જમીન ઉપર રૂ.૬૮૦/– નો બોજો હોવાની હકીકત જણાય છે. વધુમાં, વર્ષ ૧૯૬૯–૭૦ થી ૧૯૭૯ સુધી ખેડુત તરીકે યુનુસ મહમદ ભયાતનુ નામ જણાય આવે છે. તેમજ

ગુલામ મહમદ આદમજી નાઓનુ નામ છે. આંક–૪૬ થી રજુ ગામ નમુના નંબર ૭–૧૨ માં વર્ષ ૧૯૭૯– ૮૦ થી ખેડુત તરીકે મહમદહુશેન વિગેરેનુ નામ જણાય છે જે વર્ષ ૧૯ ૮૫–૮૬ સુધી હોવાનુ જણાય આવે છે. આંક–૪૭ થી રજુ ગામ નમુના નંબર ૭–૧૨ માં વર્ષ ૧૯૮૬–૮૭ થી ખેડુત તરીકે મુસાખાન હુશેનખાન વિગેરેનુ નામ જણાય છે જે વર્ષ ૧૯૯૫–૯૬ સુધી હોવાનુ જણાય આવે છે. આંક–૪૮ થી રજુ ગામ નમુના નંબર ૭–૧૨ માં વર્ષ ૧૯૯૬–૯૭ થી ખેડુત તરીકે મુસાખાન હુશેનખાન વિગેરેનુ નામ જણાય છે જે વર્ષ ૨૦૦૪–૦૫ સુધી હોવાનુ જણાય આવે છે. આંક– ૪૯ થી આ કામના પ્રતિવાદીએ વાદીઓને તા.૮/૧૦/૨૦૨૦ ના રોજ નોટીસ મોકલાવેલ તેની સ્થળપ્રત રજુ છે. આંક–૫૦ થી યુસુફખાન મુસાખાન હુશેનનું સોગંદનામુ રજુ છે તેમજ, આંક–૫૧ થી આંક –૬૯ સુધી વેરા પાવતી રજુ છે જેમા આંક–૫૧ થી આંક – ૫૪ સુધીની જે વેરા પાવતી છે તે ખાતા નં. ૧૮૩ ની છે. જયારે આંક – ૫૫ થી આંક–૫૯ સુધીની ખાતા નં. ૧૭૫ ની વેરા પાવતી રજુ છે. આંક–૬૦ થી રજુ થયેલ દસ્તાવેજ મામલતદારશ્રી અંકલેશ્વરને કરેલ ખેડ હકક નોંધવા બાબતની અરજીની અસલ રજુ કરેલ છે તેમજ આંક–૬૧ થી ફેરફાર નોંધ નં.૨૨૧૨ હુકમ આધારે પડેલ નોંધની ૧૩૫ (ડી)ની નોટીસની અસલ રજુ કરેલ છે. આંક–૭૪ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૪૨૪/૧૯૫૫ ની અસલ રજુ છે તેમજ, આંક–૭૫ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૪૨૪/૧૯૫૫ ની ઈન્ડેક્ષ–૨ અસલ નકલ રજુ છે.

**૧૨.3** આ કામના પ્રતિવાદીએ તેમના દાવા જવાબના સમર્થનમાં આંક–૪૧ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. આ કામના પ્રતિવાદી તરફે આંક–૭૪ થી રજુ વેચાણ દસ્તાવેજ ઉપર આધાર રાખવામાં આવેલ છે જે વેચાણ દસ્તાવેજ તા.૨૫/૬/૧૯૫૫ ના રોજ કરવામાં આવેલ હોય તેવુ જણાય આવે છે. આ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી વાદવાળી જમીન ઉપર તેમનો માલીકી હકક અને કબજો હોવાનુ જણાવે છે. તેમજ, આંક–૪૩ થી રજુ થયેલ ગામ નમુના નંબર ૭ અને ૧૨ નો ઉતારો વંચાણે લેતા, તેમા સરવે નં. ૧૬૮, ૧ હેકટર ૨૮ ગુઠા વાળી જમીનના

કબજેદાર તરીકે મહમદખાન કાદરખાન નાઓ જણાય આવે છે તેમજ તેમા વેચાણ રાખાનર તરીકે મહમદહુશેન ભચાતનો સદરહુ જમીન ઉપર બોજો રૂા.૬૮૦/– નો જણાય આવે છે. આ દસ્તાવેજ વર્ષ ૧૯૫૧–૫૨ થી વર્ષ ૧૯૬૦–૬૧ સુધીનુ છે. તેવીજ રીતે આંક – ૪૪ થી ૪૮ સુધીના દસ્તાવેજમા આ નોંધ કરવામાં આવેલ છે. તેમજ આંક – ૫૦ થી રજુ થયેલ સોગંદનામુ કરનાર યુસુફખાન મુસાખાન હુશેનનાઓએપ્રતિવાદીની તરફેણમાં સોગંદનામુ કરેલ છે અને તેઓએ પ્રતિવાદીના સાક્ષી તરીકે આંક – ૬૫ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. વધુમાં પ્રતિવાદી તરફે આંક–૭૪ થી વેચાણ દસ્તાવેજ રજુ છે તે દસ્તાવેજ પુરવાર કરવા માટે વાદીની ઉલટ તપાસમાં તેમને સવાલ પુછવામા આવેલ છે જે વંચાણે લેતા ''<u>તે દસ્તાવેજમાં વેચાણ રાખનાર તરીકે મહમદખાન કાદરખાન ઉર્ફે કદુખાનની સહી હોવાનો સ્વિકાર કરે છે તેમજ વેચાણ દસ્તાવેજના પાના નં.૨ ઉપર હુશેનખાનની સહી છે તે સહી તેઓ વેચાણ કરનાર માલીકને ઓળખે છે અને તેમને સબ રજીસ્ટ્રાર ઓળખે છે સાક્ષી તરીકે કરીમખાન મહમદખાનની સહી છે તેમજ બીજી સહી રસુલખાન મહમદખાનની સહી છે.</u>'' <u>આમ, આંક–૭૪ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજમા થયેલ સહીઓ વાદી પોતે ઓળખી બતાવે છે તેમજ આંક–૭૫ થી રજુ થયેલ દાવાવાળી જગ્યાનો ઈન્ડેક્ષનો ઉતારો વાદીને બતાવતા તેમા વેચાણ આપનાર તરીકે મહમદખાન કાદરખાન ઉર્ફે કદુખાનનુ નામ લખેલ છે. વેચાણ લેનાર મહમદ ઉર્ફે ભચાતનુ નામ છે જે નોંધણી તા.૨૫/૬/૧૯૫૫ ની છે. નોંધણી રજીસ્ટર નં.૪૨૪ છે. જેમા દાવાવાળી જમીનનો સરવે નંબર તથા ક્ષેત્રફળ લખેલ છે અને ઈન્ડેક્ષની અસલની નકલ તા.૯/૧/૧૯૯૨ ના રોજ મેળવેલ છે તેવુ દર્શાવેલ છે.</u> આંક–૭૪ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ ૩૦ વર્ષ જુનો છે ત્યારે ભ.પુ. અ. ક. ૯૦ મુજબ કાયદાકીય અનુમાન સદર દસ્તાવેજ સાચો છે તેમ કરવાનો રહે છે.

આમ, પ્રતિવાદી તેમના દાવા જવાબ તેમજ સરતપાસમાં જે હકીકત જણાવે છે તેને દસ્તાવેજી પુરાવાથી તેઓ પુરવાર કરે છે. વધુમાં આ કામના વાદીઓનું નામ ગામ નમુના નંબર ૭–૧૨ માં હોવા છતા તેઓએ દાવાવાળી જમીનની વેરા પાવતીને લગતા કોઈપણ આધાર પુરાવા રજુ કરેલ નથી. જ્યારે આ કામના

પ્રતિવાદીએ આંક–૫૧ થી આંક–૫૯ સુધીની વેરા પાવતીઓ રજુ કરેલ છે.

આથી આ કામના વાદી દાવાવાળી જમીનના માલીક અને કબજેદાર હોવા બાબતેની હકીકત તેઓ પુરવાર કરી શકતા નથી. વધુમાં, વર્ષ ૧૯૫૫ થી ૭–૧૨ ના ઉતારામાં આ કામના પ્રતિવાદીઓના દાદાનુ નામ વેચાણ રાખનાર તરીકે તેમજ બોજાની નોંધ હોવા છતા તેઓએ આ બોજાની નોંધ કમી કરવા કે વેચાણ દસ્તાવેજ રદ કરવા આજદિન સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી. વધુમાં વાદીને સદર વેચાણ દસ્તાવેજની જાણ કયારે થઈ તે બાબતે પણ કોઈ સ્પષ્ટ હકીકત તેઓએ તેમની દાવા અરજીમાં કે સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી, ત્યારે દાવા અરજીમાં મહત્વની હકીકત છુપાવેલ છે. વાદીએ સમ્રગ ટ્રાયેલ દરમીયાન પેઢીનામુ રજુ કરેલ નથી. તેમજ આ વાદ વાળી જમીન સયુકત નામે હોઈ તેવા પણ કોઈ પુરાવા રજુ કરેલ નથી. તેમજ તેવો ફકત વર્ષ ૨૦૧૯–૨૦ થી ૭–૧૨ ની નકલો રજુ કરેલ છે, રેવન્યુ નોંધથી કબજો હોવાનુ અનુમાન કરી શકાય છે પરંતુ માલીકી હકક પુરવાર થતુ નથી. વાદીએ તેમના સાહેદ તરીકે સેદાત હારૂન ઈસ્માઈલને તપાસેલ છે, તેમની ઉલટ તપાસ વંચાણે લેતા, તેઓ જણાવે છે કે દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ જોયેલ નથી. તેઓ એ હકીકત સ્વિકાર કરે છે કે દાવાવાળી જમીનના માલીક મહમદખાન કાદરખાન હતા. મુસાખાન આ મિલકતના માલીક કેવી રીતે હતા તેની તેમને જાણ નથી.સદર સાહેદ વાદીના દાવાની હકીકતને સર્મથન મળે તેવી કોઈ હકીકત જણાવતા નથી.

વાદી વાદવાળી જમીન તેમના કબજામા હોઈ તે બાબત પણ તેઓ પુરવાર કરતા નથી. વાદીએ તેમની દાવા અરજીમાં જે પ્રતિવાદીઓ વિરુધ્ધ જે ગેરકાયદેસર કબજો કરવાની હકીકત જણાવે છે તે આક્ષેપો કરેલ છે તે પુરવાર કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વાદીએ પ્રતિવાદીઓ વિરુધ્ધ જે પોલીસ ફરીયાદ કરેલ છે તેમા પણ કોઈ આગળની કાર્યવાહી પોલીસ દવારા કરવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી. મુદા નં.૧ પુરવાર કરવાની જવાબદારી વાદીના શિરે છે ત્યારે વાદી કહેવાતી વાદવાળી જમીનના તેઓ ૧૯૫૫ થી લઈને આજદિન સુધીના માલીક અને કબજેદાર હોય તે બતાવતો કોઈ વિશ્ર્વસનીય પુરાવો રજુ કરેલ નથી.આથી **મુદા નં.૧ થી ૩ નો**

**જવાબ નકારમાં** આપવામાં આવે છે.

**૧૩. <u>મુદા નં.૪</u>**

આ કામના વાદીએ આંક–૬૬ થી લેખીત દલીલ રજુ કરેલ જે વંચાણે લીધી તેની સાથે તેઓએ નામદાર વડી અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. સદર ચુકાદાઓ વંચાણે લેતા બધા કેસની હકીકત અને સંજોગો અલગ –અલગ હોય છે ત્યારે હાલના કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા જયારે વાદી દાવાવાળી જમીન ઉપર પોતાનો કબજો કે માલીકી હકક પુરવાર કરી શકતા નથી તેવા સં જોગોમાં તેમના દવારા રજુ કરવામાં આવેલ નામ. અદાલતના ચુકાદા તેમને મદદરૂપ થતા નથી.

આ કામના પ્રતિવાદીએ આંક–૭૮ થી લેખીત દલીલ રજુ કરેલ છે તેમજ દલીલના સમર્થનમા નામ.અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. આ કામના વાદી મુદા નં. ૧ થી ૩ પુરવાર કરી શકતા ન હોય તેવા સંજોગોમાં વાદી દવારા તેમની દાવા અરજીના પેરા નં. ૧૦ માં જે દાદ માંગેલ છે તે મળવાપાત્ર નથી. આથી મુદા નં. ૪ માટે નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>હુકમ</u>**

(૧) વાદીનો હાલનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ દાવાનો ખર્ચ પોત પોતે ભોગવવો.

(૩) દાવાના કામે કોઈ અરજી પેન્ડીંગ હોય તો તે ફેસલ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ, તા. ૧લી, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬.
અંકલેશ્વર

( વી.વી. શુકલા )
ત્રીજા અધિક સીનીયર સિવીલ જજ,
અંકલેશ્વર
કોડ નં. જી.જે.૦૧૩૪૩